તર્કનું સત્ય નહીં.. પણ આત્માનાં મનોમંથનથી પ્રગટેલું સત્ય જ સંપૂર્ણ સત્ય છે
- અરવિંદ ઘોષ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૦ | ૧૦ જૂન, ૨૦૧૪, મંગળવાર; જેઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



ગાંધીનગર સમાચાર

# કડી બી.બી.એ. કોલેજમાં વિદ્યાર્થીઓને નોકરી માટે કેમ્પસ ઈન્ટરવ્યુ યોજાયા

ગાંધીનગર, તા. ૯

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન (બી.બી.એ.), ગાંધીનગર દ્વારા સેમેસ્ટર ૩ અને ૫માં અભ્યાસ કરી રહેલા તેમજ ભૂતપુર્વ વિદ્યાર્થીઓ માટે એસ્યોર મેનેજમેન્ટ કન્સલ્ટન્સી દ્વારા સફળતાપૂર્વક જોબ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટમાં આશરે ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલો જેમાંથી પસંદગી પામ્યા હતા. ઉમેદવારો ઉમેદવારો વોડાફોન, મોટીફ, એસેન્ડમ, અઝુરે, મેગ્નેનીમસ તથા આઈ.સી.એફ.એ.આઈ. યુનિવર્સિટી જેવી રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત સંસ્થાઓમાં ઓછામાં ઓછા માસિક રૂ. ૧૮,૦૦૦નાં પગારથી ટુંક સમયમાં જોડાઈને પોતાની કારકિર્દીનો આરંભ કરશે. ગાંધીનગર ગાંધીનગર બી.બી.એ. કોલેજમાં એડમિશન લેવા માટે આવનાર વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ કોલેજ દ્વારા નિયમીતપણે ચાલતી પ્લેસમેન્ટની પ્રવૃત્તિને વખાણી હતી અને બી.બી.એ. જેવા પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ મેળવ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ જોબ પ્લેસમેન્ટને સફળ બનાવવા માટે બી.બી.એ. કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટીનાં નેતૃત્વમાં ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. માર્ગી દેસાઈએ જહેમત ઉઠાવી હતી.